

નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 274
Dt.: 08-08-2025,
Friday
Page:04
Rs.00.50 paisa



EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### અજિત ડોભાલે કરી મોટી જાહેરાત

# ભારતની મુલાકાતે આવશે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન

## પુતિનની ભારત મુલાકાત એવા સમયે થશે જ્યારે અમેરિકાએ રશિયન તેલ ખરીદી રોકવા બદલ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ગુરુવારે જણાવ્યું હતું કે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ટૂંક સમયમાં ભારતની મુલાકાત લેશે. મોસ્કોમાં હાજર ડોભાલે તારીખોનો ઉલ્લેખ કર્યો નથી, પરંતુ ઈન્ટરફેક્સ ન્યૂઝ એજન્સી અનુસાર, પુતિનની મુલાકાત ઓગસ્ટના અંતમાં થવાની સંભાવના છે.

NSA અજિત ડોભાલે કહ્યું, ભારત અને રશિયા વચ્ચે ખાસ સંબંધ છે, જેને અમે ખૂબ મહત્વ આપીએ છીએ. અમારી વચ્ચે ઉચ્ચ સ્તરીય સંપર્કો રહ્યા છે. રાષ્ટ્રપતિ પુતિનની ભારત મુલાકાત વિશે જાણીને અમે ખૂબ જ ઉત્સાહિત અને ખુશ છીએ. મને લાગે છે કે હવે તારીખો પણ ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે.

પુતિનની ભારત મુલાકાત એવા સમયે થશે જ્યારે અમેરિકાએ રશિયન તેલ ખરીદી રોકવા બદલ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. અજિત ડોભાલની રશિયા મુલાકાત પહેલાં, મોસ્કોએ ભારતના તેના વેપાર ભાગીદારો પસંદ કરવાના અધિકારને સમર્થન આપીને ટ્રમ્પ પર નિશાન સાધ્યું હતું.

ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું હતું કે રશિયા સાથે વેપાર સંબંધો તોડવા માટે દેશોને મજબૂર કરવા ગેરકાયદેસર છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે (૬ ઓગસ્ટ, ૨૦૨૫) ભારત પર ૨૫ ટકા વધારાનો ટેરિફ લાદતા એક નવા એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા. ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો મોસ્કો શુક્રવાર (૮ ઓગસ્ટ, ૨૦૨૫) સુધીમાં યુક્રેનમાં યુદ્ધ રોકવા માટે સહમત નહીં થાય તો તેઓ રશિયન તેલના ખરીદદારો પર ગૌણ ટેરિફ લાદશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ટેરિફનો જડબાતોડ જવાબ આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે ભારત તેના ખેડૂતોના હિત સાથે સમાધાન કરશે નહીં.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે રશિયા સાથે તેલ વેપાર માટે ભારત પર વધારાના ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આ વધારાના ૨૫ ટકા ટેરિફ સાથે અમેરિકાએ હવે ભારત પર કુલ ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. અમેરિકન રાષ્ટ્રપતિએ ગયા અઠવાડિયે ભારતમાંથી આયાત થતા માલ પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. આ સાથે તેમણે કહ્યું હતું કે તેઓ રશિયા સાથે વેપાર કરવા બદલ ભારત પર અલગ દંડ લાદશે. ત્યારબાદ તેમણે બુધવારે રશિયા સાથે વેપાર કરવા બદલ અલગ દંડ તરીકે ભારત પર અલગ ૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો.

### અબજોપતિ રોકાણકાર માર્ક મોબિયસે કહ્યું

# ટ્રમ્પના ૫૦ ટકા ટેરિફની ભારત ઉપર નહીં થાય વધુ અસર

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અબજોપતિ રોકાણકાર માર્ક મોબિયસે ગુરુવારે જણાવ્યું હતું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફની દેશ પર ખૂબ ઓછી અસર પડશે, કારણ કે ભારતનું સ્થાનિક બજાર ખૂબ મોટું છે. અનુભવી રોકાણકારે કહ્યું કે ભારત ચીનની જેમ નિકાસ પર સંપૂર્ણપણે નિર્ભર નથી. આ કારણે, દેશ અન્ય અર્થતંત્રો કરતાં ટેરિફનો સામનો કરવા માટે સારી સ્થિતિમાં છે. તેમણે વધુમાં કહ્યું, ભારતનું સ્થાનિક બજાર ખૂબ મોટું છે અને તે ચીનની જેમ નિકાસ પર નિર્ભર નથી.

આ ઉપરાંત, ભારતીય સોફ્ટવેર નિકાસ પણ સારી છે અને આ ટેરિફથી બચાવવાં મદદ કરશે. મોબિયસે વધુમાં કહ્યું, આનો સારાંશ એ છે કે ટેરિફ ભારત માટે મોટી સમસ્યા નથી. દવાઓ અને સ્માર્ટફોન, સેમિકન્ડક્ટર અને ઉર્જા જેવા કેટલાક ઈલેક્ટ્રોનિક માલ સાથે સંબંધિત ઈ૩૦ બિલિયનથી વધુ મૂલ્યના શિપમેન્ટને અત્યાર સુધી અમેરિકા દ્વારા ઉચ્ચ ટેરિફ સૂચિમાંથી બહાર રાખવામાં આવ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્રે હજુ સુધી આ મુખ્ય ઉદ્યોગોને નવા ટેરિફમાં સામેલ કર્યા નથી, જે આગામી ૨૧ દિવસમાં અમલમાં આવવાના છે.

આ ઉપરાંત, ભારતે નાણાકીય વર્ષ ૨૫ માં અનુક્રમે $10.5 બિલિયન અને $14.6 બિલિયનના મૂલ્યની દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સ તેમજ ઈલેક્ટ્રોનિક ઉત્પાદનો (મોટાભાગે સ્માર્ટફોન) ની નિકાસ કરી હતી, જે તેની યુએસમાં કુલ નિકાસના ૨૯ ટકા છે. નાણાકીય વર્ષ ૨૫ માં ઈ૪.૦૯ બિલિયનની પેટ્રોલિયમ નિકાસ પણ ટ્રમ્પના નવા ટેરિફથી હાલમાં સુરક્ષિત છે, કારણ કે ઊર્જાને ઉચ્ચ ટેરિફની યાદીમાંથી બાકાત રાખવામાં આવી છે. ભારતે નાણાકીય વર્ષ ૨૫ માં યુએસમાં ઈ૮૬.૫૧ બિલિયનની નિકાસ કરી હતી.

મોબિયસના મતે, ભારત જે પ્રકારનો GDP વૃદ્ધિ જોઈ રહ્યું છે તે તેને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર આગળ વધવામાં મદદ કરશે. મોબિયસે કહ્યું, વૈશ્વિક અનિશ્ચિતતાઓ હોવા છતાં, દેશ ૬-૭ ટકાનો વિકાસ દર હાંસલ કરી રહ્યો છે, જે તેની અર્થવ્યવસ્થાની મજબૂતાઈ દર્શાવે છે. આ ભારતને આગળ વધવામાં મદદ કરશે. છેલ્લા કેટલાક વર્ષોમાં, ભારત વિશ્વની ૧૧મી સૌથી મોટી અર્થવ્યવસ્થાથી ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. ૨૦૨૫૫માં કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) ની દ્રષ્ટિએ, ભારત ફક્ત અમેરિકા, ચીન અને જર્મનીથી પાછળ રહેશે.

### ધરાલી જતો પ્રથમ રસ્તો ખૂલ્યો

# ઉત્તરકાશી દુર્ઘટના: ૧૧ સૈનિકો સહિત ૭૦ લોકો હજુ પણ ગુમ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉત્તરકાશી

ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાના ધરાલી ગામના પૂર આવ્યું એને ૨૪ કલાકથી વધુ સમય થઈ ગયો છે. હાલ રેસ્કયુ ચાલી રહ્યું છે.

બચાવ કામગીરી માટે સાત ટીમ કામે લાગી છે. ૨૨૫થી વધુ સેનાના જવાનો ઘટનાસ્થળે તૈનાત છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૫ લોકોનાં મોત થયાં છે, જ્યારે ૧૧ જવાનો સહિત ૭૦ લોકો ગુમ છે. અત્યાર સુધીમાં ૧૯૦ લોકોને બચાવી લેવાયા છે. રસ્તા બંધ થઈ જવાને કારણે હેલિકોપ્ટર દ્વારા બચાવ કામગીરી ચાલી રહી છે. હેલિકોપ્ટર દ્વારા જ ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવામાં આવી રહ્યા હતા. જોકે, ભટવારીમાં તૂટી ગયેલો રાજમાર્ગ હવે ખુલી ગયો છે, જેના કારણે હવે માર્ગ દ્વારા ધરાલી જવું શક્ય બનશે. ધરાલી અને હર્ષિલમાં ચાલી રહેલા રાહત અને બચાવ કાર્યનો આજે બીજો દિવસ છે.

રસ્તાને વધુ સારો બનાવવા માટે BRO & GREFની ટીમો સતત કામ કરી રહી છે. બે જગ્યાએ પહાડો કાપીને રસ્તો ખોલવાની તૈયારી હતી, પણ સાધનોની અછતને કારણે આ કામમાં વિલંબ થયો હતો. રાહતની વાત એ છે કે હવામાન હાલ ચોખ્ખું છે. આથી આશા છે કે બચાવ કાર્ય વધુ ઝડપી બનશે.

રાહતની વાત એ છે કે હર્ષિલનો મિલિટરી હેલિપેડ પૂરી રીતે શરૂ કરી દેવામાં આવ્યો છે. ૩ સિવિલ હેલિકોપ્ટર દ્વારા રાહત સામગ્રી પહોંચાડવામાં આવી રહી છે. ભટવાડી અને હર્ષિલમાં હેલિકોપ્ટરના ઉતરાણથી રેસ્ક્યુ ઓપરેશનમાં તેજી આવી છે. ચિનૂક, Mi-17 અને ALH હેલિકોપ્ટર સ્ટેન્ડબાય પર છે.

ઉત્તરાકાશી જિલ્લામાં ધરાલી, હર્ષિલ અને સુખી ટોપ ત્રણ સ્થળોએ વિનાશકારી પૂર આવ્યું છે. હવે આ ત્રણેય સ્થળોએ રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. ત્યાં સતત ભૂસ્ખલન થઈ રહ્યું છે અને વરસાદ પડી રહ્યો છે, જેના કારણે રેસ્ક્યુમાં મુશ્કેલી આવી રહી છે. પૂરના કારણે ભારતીય સેનાના ૧૧ જવાનો જે ગુમ થયા છે, તેમની શોધખોળ હજી પૂરી થઈ નથી. એવું પણ કહેવાય છે કે કેરળના ૨૮ પ્રવાસીઓનો એક ગ્રુપ ધરાલીની ઘટના બાદથી ગુમ છે. જોકે, આ ઘટના બાદથી જ રાહત અને બચાવ કાર્ય ચાલુ છે. પીડિતો સુધી મદદ પહોંચાડવા રેસ્ક્યુ ટીમો મહેનત કરી રહી છે.




# તંત્રી લેખ......

## અમેરિકા જતાં પ્રવાસીઓની મુશ્કેલીમાં વધારો થશે

ટ્રમ્પ વહીવટીતંત્ર શરૂઆતથી જ ઈમિગ્રન્ટ્સ પ્રત્યે કડક રહ્યું છે અને કડક વિઝા નિયમો લાગુ કરવા માટે જાણીતું છે. આ દરમિયાન અમેરિકા હવે એક નવો પાયલોટ પ્રોગ્રામ લઈને આવ્યું છે જે હેઠળ પ્રવાસી અને વ્યવસાયિક વિઝા પર અમેરિકા આવતા લોકોને વિઝા બોન્ડ તરીકે **$15,000** એટલે કે ૧૩ લાખ ૧૬ હજાર રૂપિયાથી વધુ જમા કરાવવાનું કહેવામાં આવી શકે છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના આ કાર્યક્રમનો હેતુ વિઝા સમાપ્ત થયા પછી પણ દેશમાં રહેતા લોકોની સંખ્યા ઘટાડવાનો છે.

જી હા, તમે બરાબર સાંભળી રહ્યા છો. કેમ કે ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારથી બીજીવાર અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા છે ત્યારથી ભારતીયો તેમના અળખામણા બની ગયા છે. આજ કારણ છે કે તેઓ અમેરિકામાં રહેતાં ભારતીયોને પાછા મોકલી રહ્યા છે અને હવે તેઓ ભારતીયો અમેરિકા ન આવી શકે તેવા તમામ પ્રયાસો કરી રહ્યા છે. તેના પર નજર કરીએ તો નવો વિઝા પ્રોગ્રામ ૨૦ ઓગસ્ટથી લાગુ થશે. આ પ્રોગ્રામ ૧ વર્ષ માટે લાગુ કરવામાં આવશે. વિઝાની અરજી કરનારા પાસેથી ૩ પ્રકારના બોન્ડ કરાવવામાં આવશે. જેમાં ૫૦૦૦, ૧૦,૦૦૦ અને ૧૫,૦૦૦ ડોલરના બોન્ડ હશે.

બોન્ડની રકમ અમેરિકાના પ્રવાસ પછી પાછી આપવામાં આવશે. આ પ્રોગ્રામમાં ટુરિસ્ટ વિઝા અને બિઝનેસ વિઝા મારફતે અમેરિકા આવતાં પ્રવાસીઓને હવે વિઝા બોન્ડ લેવા પડશે. આ પ્રોગ્રામ એટલા માટે લાગુ કરવામાં આવ્યો છે. કેમ કે લાખો વિદેશી પ્રવાસીઓ અને બિઝનેસ ડેટાનો સમય પૂરો થઈ ગયા પછી પણ રોકાતા હતા. જેમાં ભારતીયોને સૌથી મોટો ફટકો પડવાનો છે. નવા વિઝા પ્રોગ્રામ હેઠળ અમેરિકા ફરવા અને બિઝનેસ ટૂર પર જતાં ભારતીયો પર આર્થિક બોજો વધી શકે છે.

પ્રોગ્રામમાં કયા-કયા દેશોને આવરી લેવામાં આવશે તેની માહિતી ૧૫ દિવસ પહેલાં આપી દેવામાં આવશે. જેમાં ભારતને પણ સામેલ કરવામાં આવે તેવી સંભાવના છે. કેમ કે વિઝાના નિયમોના ભંગમાં ભારતીયોનો ઈતિહાસ સૌથી ખરાબ છે. એટલે વિઝા બોન્ડની રકમ માટે પહેલાં ૧૩ લાખ રૂપિયાની વ્યવસ્થા કરવી પડશે. ટ્રમ્પ પ્રશાસને આવો પ્રોગ્રામ લોન્ચ કરવાની ફરજ એટલે પડી. કેમ કે વર્ષ ૨૦૨૨-૨૩માં અમેરિકામાં ૫ લાખથી વધારે લોકો વિઝા પૂરા થઈ ગયા હોવા છતાં રહેતા પકડાયા હતા. જેમાં મોટાભાગે ભારતીયો હોવાનું ખૂલ્યું હતું. આ આંકડાને ધ્યાનમાં રાખીને જ આ નિર્ણય કરવામાં આવ્યો છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૩૦૮ અને ચાંદીના વાયદામાં રૂ.૧૬૦૫નો ઉછાળોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૪૯ લપસ્યો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૩૬૬૪.૯૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૯૭૭૬.૦૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૨૨૧૯.૬૪ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૫૮૨ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૧૩૪૪૨.૩૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૩૬૬૪.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૯૭૭૬.૦૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૫૮૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૩૦૦.૬૯ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૨૨૧૯.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૩૬૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૨૧૫૫ અને નીચામાં રૂ.૧૦૧૧૪૧ના મથાળે અથડાઈ, રૂ.૧૦૧૨૬૨ના આગલા બંધ સામે રૂ.૩૦૮ વધી રૂ.૧૦૧૫૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૧૩ વધી રૂ.૮૧૦૯૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૬ વધી રૂ.૧૦૧૫૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૩ વધી રૂ.૧૦૦૯૭૦ થયો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦૮૭૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૧૬૧૫ અને નીચામાં રૂ.૧૦૦૭૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૦૭૮૩ના આગલા બંધ સામે રૂ.૩૫૪ વધી રૂ.૧૦૧૧૩૭ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૩૯૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૫૪૧૭ અને નીચામાં રૂ.૧૧૩૯૦૫ના મથાળે અથડાઈ, રૂ.૧૧૩૬૫૫ના આગલા બંધ સામે રૂ.૧૬૦૫ વધી રૂ.૧૧૫૨૬૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧૫૫૭ વધી રૂ.૧૧૪૯૪૦ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૧૫૧૯ વધી રૂ.૧૧૪૮૮૭ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૧૭૨.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૫૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૫૭ અને નીચામાં રૂ.૪૪૫૦ના મથાળે અથડાઈ, રૂ.૨ ઘટી રૂ.૪૪૫૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૫૭૧૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૨૪ અને નીચામાં રૂ.૫૬૩૩ના મથાળે અથડાઈ, રૂ.૫૭૧૩ના આગલા બંધ સામે રૂ.૪૯ ઘટી રૂ.૫૬૬૪ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૪૬ ઘટી રૂ.૫૬૬૭ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ ૨૦ પૈસા વધી રૂ.૨૭૦.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૨૦ પૈસા વધી રૂ.૨૭૦.૭ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૪૦ના ભાવે ખૂલી, રૂ.૨.૬ વધી રૂ.૯૫૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૩૬૧૩.૬૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૮૬૦૫.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૪૫૨.૭૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૯૨.૩૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૨.૭૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૫૧.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૨.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૮૨૨.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૩૪૮.૧૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૬.૭૨ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૮૨૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૯૬૧૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૦૭૧૯ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૬૪૬૯૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૫૨૧૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૯૪૪૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૧૬૮૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૬૦૮૩૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૬૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૩૨૭૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૦૨૭૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૫૨૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૭૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૫૨૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૮૦ પોઈન્ટ વધી ૨૩૫૮૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૪ ઘટી રૂ.૧૨૭.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૦ પૈસા ઘટી રૂ.૧૩.૭૫ના ભાવે બોલાયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૮ વધી રૂ.૧૨૧૨.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૭૦ વધી રૂ.૨૫૬૭ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭૪ પૈસા વધી રૂ.૧૨.૧૭ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૧ પૈસા વધી રૂ.૩.૩૩ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૮.૮ ઘટી રૂ.૧૨૯.૩ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા ઘટી રૂ.૧૩.૭ થયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૧૦૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૩.૫ વધી રૂ.૧૨૫૮ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૭૭ વધી રૂ.૧૮૮૪ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૮ વધી રૂ.૧૩૮ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા વધી રૂ.૧૪.૬ થયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦.૫ વધી રૂ.૯૩૮ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૫૩ ઘટી રૂ.૧૪૬૮ના ભાવે બોલાયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૨ ઘટી રૂ.૬.૭૧ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૬ પૈસા ઘટી રૂ.૧ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪.૫ વધી રૂ.૧૩૮.૪૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૫ પૈસા વધી રૂ.૧૪.૭૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫ વધી રૂ.૧૦૪૪ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૩.૫ ઘટી રૂ.૪૨૯ના ભાવે બોલાયો હતો.

તંત્રએ જાહેર કર્યા હેલ્પલાઈન નંબર

# ગુજરાતના ૧૪૧ સહિત ૪૦૯ પ્રવાસીઓનું કરાયું રેસ્ક્યૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઉત્તરકાશી, તા.૭

ઉત્તરાખંડના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જેમાં ઉત્તરકાશી જિલ્લામાં ભારે વરસાદ અને પ્રાકૃતિક આફતના કારણે મોટી દુર્ઘટના સર્જાઈ છે, ત્યારે 'ઑપરેશન જિંદગી' અંતર્ગત રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

ઉત્તરકાશી દુર્ઘટનામાં ગુજરાતના પ્રવાસીઓ ફસાયા છે. જેમાં ગુજરાતના ૧૪૧ સહિત ૪૦૯ પ્રવાસીઓનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. સમગ્ર મામલે તંત્રએ હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે.

મળતી માહિતી મુજબ, ઉત્તરાખંડના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. તેવામાં વાદળ ફાટવાની ઘટના અને ભૂસ્ખલન થવાથી જનજીવન ખોરવાયુ છે. આ દરમિયાન ઉત્તરાખંડના પ્રવાસે ગયેલા ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, આસામ, કર્ણાટક, તેલંગાણા, પંજાબ સહિતના પ્રવાસીઓ ફસાયા હોવાનું સામે આવ્યું છે. જેમાં ગોત્રી સહિતના વિસ્તારોમાંથી કુલ ૨૭૪ લોકોને હર્ષિલ લવાયા કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકારનો સ્ટેટ ઈમરજન્સી કન્ટ્રોલ રુમ દ્વારા ઉત્તરાખંડ સ્ટેટ ઈમરજન્સી સેન્ટરનો સંપર્ક કરીને ફસાયેલા નાગરિકોની માહિતી મેળવી હતી. જેમાં રેસ્ક્યૂ કરાયેલાં લોકોમાં સૌથી વધુ ૧૪૧ ગુજરાતના છે. જેમાં અમાવાદના સૌથી વધુ ૯૯, બનાસકાંઠાના ૧૦, ભાવનગરના ૧૫ અને વડોદરાના ૫ સહિત કુલ ૧૪૧ ગુજરાતી પ્રવાસી સુરક્ષિત હાલતમાં છે.

# રાજ્યમાં લખપતિ દીદીની સંખ્યા ૫ લાખને પાર, ગુજરાત ૧૦ લાખ મહિલાઓને બનાવશે આત્મનિર્ભર

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન અનુસાર દેશની મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩માં 'લખપતિ દીદી' યોજના શરૂ કરવામાં આવી હતી. ૨૦૨૭ સુધીમાં ૩ કરોડ મહિલાઓને આર્થિક રીતે સક્ષમ બનાવવાનો આ યોજનાનો ઉદ્દેશ છે. ગુજરાતની મહિલાઓને આ યોજનાનો બહોળો લાભ મળે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વ્યાપક પ્રયાસો કરવામાં આવ્યા છે. પરિણામે જુલાઈ ૨૦૨૫ સુધી રાજ્યમાં ૫ લાખ ૯૬ હજાર જેટલી મહિલાઓની આવક એક લાખથી વધુ સુધી પહોંચી છે અને તેઓ ગર્વ સાથે ગુજરાતની 'લખપતિ દીદી' બની છે. આવનારા સમયમાં ગુજરાત ૧૦ લાખ મહિલાઓને લખપતિ દીદી બનવા માટે મદદરૂપ થઈને મહિલા સશક્તિકરણનું અભૂતપૂર્વ ઉદાહરણ પ્રસ્થાપિત કરવા પ્રતિબદ્ધ છે.

રાજ્યમાં ૧૦ લાખથી વધુ સંભવિત લખપતિ દીદીની ઓળખ

રાજ્યના તાલીમબધ્ધ કમ્યુનિટી રિસોર્સ પર્સન (સી.આ.પી.) દ્વારા અત્યારે ૧૦.૭૪ લાખ મહિલાઓની ઓળખ કરવામાં આવી છે જેઓ લખપતિ દીદી બની શકે છે. ઓળખ કરાયેલ સંભવિત લખપતિ દીદીની હાલની પ્રવૃત્તિ તથા તેમની પાસે ઉપલબ્ધ સ્ત્રોતો, થયેલ ખર્ચ અને આવકની વિગતો મેળવવા માટે ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ડિજિટલ આજીવિકા રજીસ્ટર તૈયાર કરવામા આવ્યું છે. આ ડિજિટલ આજીવિકા રજીસ્ટરથી મળેલી માહિતિના આધારે ઓળખ કરવામાં આવેલી લખપતિ દીદીને તેમની જરૂરિયાત મુજબ તાલીમ, એસેટ, આર્થિક સહાય, તથા માર્કેટીંગ માટે જરૂરી સપોર્ટ કરવામાં આવી રહ્યો છે.

કઈ રીતે કામ કરે છે લખપતિ દીદી યોજના ?

આ યોજના સ્વસહાય જૂથો સાથે સંકળાયેલી ગ્રામીણ મહિલાઓને વ્યવસાય શરૂ કરવા માટે મદદરૂપ બને છે જેથી તેમની વાર્ષિક આવક એક લાખથી વધુ થઈ શકે. મહિલાઓ કૃષિ, પશુપાલન, હસ્તકળા અને અન્ય સ્થાનિક ક્ષેત્રોમાં વ્યવસાય શરૂ કરી શકે છે. તેના માટે સરકારશ્રીની વિવિધ યોજનાઓ દ્વારા તાલીમ, આર્થિક સહાય અને બજાર સાથે જોડાણની સુવિધા આપવામાં આવે છે જેથી તેમની આવકમાં વધારો થઈ શકે. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન અનુસાર લખપતિ દીદી માટે નીચેની વિગત અનુસાર આવક ગણતરી કરવામાં આવે છે:

- કૃષિ અને સંલગ્ન વ્યવસાયની વર્ષ દરમિયાનની કુલ આવક.
- નોન ફાર્મ એક્ટિવિટી જેવીકે મેન્યુફેક્ચરીંગ, ટ્રેડીંગ, સર્વિસીઝ વગેરેની આવક.
- પરિવારમાં કોઈ વ્યક્તિ નોકરી કરતા હોય તો તેની આવક.
- ફાર્મ તથા નોન –ફાર્મ વ્યવસાયમાં મજૂરી કામથી મળતી આવક.
- સરકારના યોજનાકીય લાભ દ્વારા મળેલ રકમ.
- કમિશન, માનદ વેતનથી પ્રાપ્ત આવક.

૧૨૪ માસ્ટર ટ્રેનર્સ દ્વારા ૧૦ હજારથી વધુ કોમ્યુનીટી રીસોર્સ પર્સનને તાલીમ

આ યોજનાના સફળ અમલીકરણ માટે ગુજરાત સરકારે અમુક મહત્વપૂર્ણ પગલાં ભર્યા છે. તાલુકા સ્તરે ૧૨૪ માસ્ટર ટ્રેનર્સની નિમણૂક કરવામાં આવી છે જેમણે અત્યાર સુધી ૧૦ હજારથી વધુ કમ્યુનિટી રિસોર્સ પર્સન્સને તાલીમ આપી છે. આ કમ્યુનિટી રિસોર્સ પર્સન્સ સ્વસહાય જૂથો સાથે સંકળાયેલી મહિલાઓને સહયોગ આપશે. આ સમગ્ર પ્રક્રિયા માટે ડિજીટલ આજીવિકા રજીસ્ટર પર ડેટા અપડેટ કરવામાં આવે છે, જે દેખરેખની સાથે મહિલા સાહસિકોને તાલીમ, નાણાકીય સહયોગ અને માર્કેટ જોડાણ આપવામાં મદદરૂપ થાય છે.

સુરતના અંકિતાબેનની આવક એક વર્ષમાં ૨ લાખ થઈ

લખપતિ દીદી કાર્યક્રમને રાજ્ય સરકારે સફળતાપૂર્વક જમીન પર અમલમાં મૂક્યો છે. તેના પરિણામે મહિલાઓના જીવનમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. સુરતના મહુવા તાલુકાના શેખપુર ગામના અંકિતાબેન પીનલભાઈ પટેલે વર્ષ ૨૦૨૪માં ડ્રોન પાયલટ તરીકે કામગીરી શરૂ કરી હતી. માત્ર એક વર્ષમાં જ તેમણે ડ્રોનથી દવાઓનો છંટકાવ કરીને ?૨ લાખની કમાણી કરી છે. આ કામગીરી શરૂ કર્યા પહેલા તેઓ પરિવાર સાથે ખેતીકામ કરીને ગુજરાન ચલાવતા હતાં. અંકિતાબેન કહે છે, "હવે કોઈના પર નિર્ભર નથી રહેવું પડતું. અમને ઓર્ડર પણ સતત મળી રહ્યા છે અને સારી આવક પણ થઈ રહી છે. મારા હસબન્ડ તરફથી પણ મને પૂરતો સપોર્ટ મળે છે. મારા પરિવારને આ કામગીરીથી ઘણી આર્થિક મદદ થઈ છે."

# ગુજરાતમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાના પ્રયાસ હેઠળ ભાવનગર મંડળના રાણાવાવ ખાતે વંદે ભારત ટ્રેનો માટે રૂા.૧૩૫.૫૮ કરોડની અંદાજીત ખર્ચે નવા ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડિપોની મંજૂરી આપવામાં આવશે

પશ્ચિમ રેલવે માટે રેલ મંત્રાલય દ્વારા મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવશે. ગુજરાતના રાણાવાવ ખાતે વંદે ભારત ટ્રેનો માટે ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડિપો **(ICD)**ના નિર્માણ માટે રૂા.૧૩૫.૫૮૩૪ કરોડના અંદાજીત ખર્ચની મંજૂરી આપવામાં આવશે. આ સુવિધા વંદે ભારત ટ્રેનોના જાળવણી માટે આવશ્યક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરૂં પાડી શકે છે, જેના પરિણામે ઓપરેશનલ કાર્યક્ષમતા અને ક્ષમતા બંનેમાં વધારો થશે. આ વ્યૂહાત્મક પહેલ વંદે ભારત સહિતની અન્ય ટ્રેનો માટે જાળવણી માળખાકીય સુવિધાઓના વિકાસના વિશાળ યોજના અંતર્ગત છે.

મુખ્ય ઉદ્દેશો અને લાભોઃ

- યાત્રીઓની વધતી માંગને ધ્યાનમાં રાખી રેલ ટ્રાફિક અને કોચિંગ સ્ટોકના જાળવણીની જરૂરિયાતો પૂર્ણ કરવી.
- પોરબંદરથી રાણાવાવ જાળવણી કાર્ય સ્થાનાંતરિત કરીને ભાર ઘટાડવો અને કાર્યક્ષમતા વધારવી.
- એલએચબી અને વંદે ભારત જેવી વિવિધ પ્રકારની ટ્રેનો માટે આધુનિક અને એકીકૃત જાળવણી સુવિધાનું નિર્માણ.
- રાણાવાવ ખાતે પૂરતું જગ્યા ઉપલબ્ધ હોવાથી વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ શક્ય.

પ્રસ્તાવિત કામનો વ્યાપઃ

- ૬૫૦ મીટરની ૦૨ પિટ લાઈનો, જેમાં છતયુક્ત શેડ હશે.
- ૬૫૦ મીટરની વોશિંગ લાઈન.
- ૨૨૨ મીટર ૮ ૫૦ મીટરનું શેડ ધરાવતી સિક લાઈન.
- ૬૫૦ મીટરની સ્ટેબલિંગ લાઈન, જેમાં બે ૧૫ ટનની ઈ ક્રેન લાગશે.
- ૨૦૦ વર્ગ મીટરનું એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડિંગ, જેમાં વીજળી અને પ્રકાશની વ્યવસ્થા હશે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો શિક્ષણલક્ષી મહત્વપૂર્ણ દુરોગામી નિર્ણય

# મિશન સ્કુલ ઓફ એક્સલન્સ-2.0 અંતર્ગત રાજ્યની ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને માળખાકિય સુવિધા સુદ્રઢ કરવા રાજ્ય સરકાર આર્થિક સહાય આપશે

મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ ૨.૦ અંતર્ગત પસંદ થયેલી રાજ્યની ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને માળખાકીય સુવિધાઓ સંગીન બનાવવા રાજ્ય સરકાર સહાય આપશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન શિક્ષણ વિભાગ હેઠળની આવી ગ્રાન્ટ ઈન એઈડ સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળાઓને આ સહાય ૮૦:૨૦ના પ્રમાણમાં આપવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં અમલી થયેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ મુજબ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ પછી વિદ્યાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવાની ભલામણો કરવામાં આવેલી છે.

રાજ્ય સરકાર દ્વારા આ સંદર્ભમાં શાળાકીય શિક્ષણમાં ગુણવત્તાયુક્ત પરિવર્તન અને ખાસ કરીને મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં આમૂલ પરિવર્તન થઈ રહ્યું છે.

રાજ્યમાં ગ્રાન્ટ ઈન એઈડ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલમાં ખૂબ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. એટલું જ નહિ, શિક્ષણ વિભાગ તરફથી લેવામાં આવી રહેલા પરિણામલક્ષી પગલાંઓને પરિણામે આવી શાળાઓમાં આવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ખૂબ વધારો થવાની પણ સંભાવનાઓ રહેલી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આવનારા સમયની આવી જરૂરીયાતો અંગે વિઝનરી પ્લાનિંગ સાથે ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં પણ સરકારી શાળાઓની જેમ માળખાકીય સુવિધાઓને સુદ્રઢ કરવા માટે આર્થિક સહાય આપવાનો નિર્ણય કર્યો છે. તદઅનુસાર શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરના દિશાદર્શનમાં રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી ૫ વર્ષ માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

રાજ્ય સરકારે શિક્ષણ જગતના અને શાળાના વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં આ યોજના શરૂ કરીને શાળા સંચાલક મંડળ સંઘની માંગણીનો હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરેલી આ યોજના અન્વયે મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ ૨.૦ અંતર્ગતની આવી ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે ૧૦ લાખથી ૧.૫૦ કરોડ સુધીની આર્થિક સહાય શાળાઓમાં માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે ફક્ત એક જ વાર મળી શકશે.

શાળાઓને જે માળખાકીય સુવિધાઓ માટે આ યોજના અંતર્ગત સહાય મળવાપાત્ર છે તેમાં ખૂટતા વર્ગખંડના બાંધકામ, પુસ્તકાલય, લેબોરેટરી, કોમ્પ્યુટર લેબ, વોકેશનલ રૂમ, ગર્લ્સ રૂમ વગેરે વિશિષ્ટ ખંડોના બાંધકામ, વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ અને દિવ્યાંગ છાત્રો માટેના નવા ટોયલેટ બ્લોક્સ તથા પીવાના પાણીની સુવિધા અને અન્ય મેજર રિપેરીંગ તેમજ રંગરોગાન, કમ્પાઉન્ડ વોલ અને દિવ્યાંગ માટે જરૂરી સુગમ્ય માળખાકીય સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આવી સુવિધાઓ માટે થનારા ખર્ચના ૮૦ ટકા રાજ્ય સરકાર આપશે તથા બાકીના ૨૦ ટકા રકમ સંબંધિત શાળા મંડળ દ્વારા ભોગવવાની રહેશે.

મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ ૨.૦ અંતર્ગત આવતી અને આ સહાય માટે પાત્રતા ધરાવતી ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં નિયત નમૂનામાં દરખાસ્ત કરીને સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીને મોકલી શકશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કરેલો આ શિક્ષણ હિતલક્ષી નિર્ણય ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોની ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં વિદ્યાર્થીલક્ષી માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં મદદરૂપ બનશે અને સંચાલકો પરનું આર્થિક ભારણ પણ ઓછું થશે. આ અંગેના વિધિવત ઠરાવો શિક્ષણ વિભાગ દ્વારા જારી કરવામાં આવ્યા છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

ગામતળ નીમ કરવાની પ્રક્રિયા તથા પ્લોટ ફાળવણી પ્રક્રિયાને વધુ સરળ-પારદર્શી બનાવતા ડિજિટલ પ્લેટફોર્મનું લોન્ચિંગ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં જિલ્લા વિકાસ અધિકારીઓ- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકોની એક દિવસીય સંયુક્ત પરિષદ

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત@૨૦૪૭ને ગ્રામ્ય સ્તર સુધી સાકાર કરવામાં જિલ્લા વિકાસ અધિકારીઓની ભૂમિકા પાયાની અને મહત્વપૂર્ણ: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત @ ૨૦૪૭ને ગ્રામ્ય સ્તર સુધી સાકાર કરવામાં જિલ્લા વિકાસ અધિકારીઓની ભૂમિકા પાયાની અને મહત્વપૂર્ણ ગણાવી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ ગ્રામોત્થાનથી વિકસિત ભારત સંકલ્પ પાર પાડવા માટે ગામોને અદ્યતન સુવિધાઓ આપીને વિકાસની હરોળમાં તેજ ગતિએ જોડવાની નેમ રાખી છે.

જિલ્લા વિકાસ અધિકારીઓની યુવા ટીમ આ માટે ગ્રામીણ અને ગરીબ જરૂરિયાતમંદ લોકોને આજીવિકા, આવાસ, આયુષ્માન ભારતથી આરોગ્ય સેવાઓ, શૌચાલય, સ્વચ્છતા જેવી અનેક જન કલ્યાણ યોજનાઓ પહોંચાડવા માટે સેવા ભાવના કેળવીને નેતૃત્વ કરે તે આવશ્યક છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં યોજાયેલી જિલ્લા વિકાસ અધિકારીઓ અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓના નિયામકશ્રીઓની સંયુક્ત પરિષદના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કર્યું હતું. ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલ, મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી આ બેઠકમાં જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ ગામતળ નીમ કરવાની પ્રક્રિયાને ઓનલાઈન કરાવતા ડિજિટલ પ્લેટફોર્મનું લોન્ચિંગ આ પરિષદમાં કર્યું હતું. તેમણે આ અંગે જણાવ્યું કે, આ પ્લેટફોર્મ કાર્યરત કરવાથી ગ્રામીણ વિસ્તારોમાં પ્લોટ ફાળવણી પ્રક્રિયા વધુ સરળ અને પારદર્શી થવાથી આવાસ નિર્માણ યોજનાઓના લક્ષ્યાંકો સિદ્ધ થઈ શકશે.

એટલું જ નહિ, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગ્રામીણ સ્તરે વધુ આવાસો બનવાથી સૌને માથે પાકી આવાસ છતની વડાપ્રધાનશ્રીની નેમ પણ સાકાર થશે.

મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા વિકાસ અધિકારીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે, ગ્રામીણ જનજીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવનારી કલ્યાણ યોજનાઓના અમલની મોટી જવાબદારી અને તેને સફળ કરવાની તક જિલ્લા વિકાસ અધિકારીઓને મળી છે. આ તકને જનસેવા અને અત્યોદય ઉત્થાનની ઈશ્વરીય તક તરીકે સ્વીકારીને પૂરી કર્તવ્યનિષ્ઠાથી ફરજ અને જવાબદારી અદા કરવાનો કાર્યસંતોષ લઈ શકાય. ખોટું આચરણ કરનારાઓને સાંખી લેવાશે નહીં એવી તાકીદ કરતા મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વચન, કર્મ અને આચરણ ત્રણેય સરખા જ રાખીને જનહિતમાં કાર્યરત રહીને સરકારી સેવા દીપાવવાનો ભાવ હંમેશા હૈયે રાખવા તેમણે અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ટેકનોલોજીના આજના સમયમાં સરકારી સેવાઓ જવાબદેહ બની છે. એટલું જ નહીં, લોકોની જાગરૂકતા પણ વધી છે ત્યારે યોજનાઓના જિલ્લાઓમાં અમલીકરણ ટીમના વડા તરીકે જિલ્લા વિકાસ અધિકારીઓએ ક્વોલિટી વર્ક, સમયબદ્ધ આયોજન અને લોકોની અપેક્ષાની કસોટીએ ખરા ઉતરવું પડશે. તેમણે એમ પણ કહ્યું કે, લોકોના કામ સરળતાથી અને ઝડપી થાય તેનું મહત્તમ ધ્યાન રાખીને સતર્કતા સાથે સત્તાનો જન સેવામાં સદુપયોગ થાય તેવી ક્લેરિટી-સ્પષ્ટતા સાથે કાર્યરત રહેવું પડે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્યમાં ગ્રામીણ વિકાસ સહિતના વિકાસ કામો માટે નાણાની કોઈ સમસ્યા નથી અને નાણાંકીય રીતે રાજ્ય સમૃદ્ધ છે ત્યારે જિલ્લા વિકાસ અધિકારીઓએ છેક છેવાડાના સ્તર સુધી વિકાસ લાભ ૧૦૦ ટકા પહોંચે તે સુનિશ્ચિત કરવાનું છે. જિલ્લા વિકાસ અધિકારીઓની યુવા ટીમને પ્રોત્સાહન અને પ્રેરણા આપતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, વિકસિત ભારતનો સંકલ્પ આ યુવા ટીમના સહયોગ અને સથવારે જ પાર પાડવાનો છે એવી લાંબી સફર તેમણે સરકારી સેવાઓમાં તય કરવાની છે. આ માટે નવા વિચારો સાથે જનહિત યોજનાઓને સિદ્ધ કરવા અત્યારે જ્યાં છીએ ત્યાંથી વધુ ગતિએ આગળ વધીને સેવારત રહેવા તેમણે પ્રેરક આહવાન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના પંચાયત વિભાગની વિવિધ યોજનાઓની સરળ સમજ આપતી પૂસ્તિકા તેમજ સ્ટેટ ઈન્સ્ટિટયૂટ ઓફ રૂરલ ડેવલોપમેન્ટના પ્રથમ ન્યુઝ લેટરનું વિમોચન પણ આ તકે કર્યું હતું.

ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, આપણે સૌ સાથે મળીને વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત'ના સ્વપ્નને 'વિકસિત ગુજરાત' થકી સાકાર કરીએ. પ્રધાનમંત્રી ફ્લેગશીપ યોજનાઓના વધુ સુચારૂ અમલથી ગુજરાતના ગામડાઓમાં સાચા અર્થમાં વધુ બદલાવ આવશે. કેચ ધ રેઈન, સ્વચ્છતા અભિયાન તેમજ વૃક્ષારોપણ જેવા પર્યાવરણ-આરોગ્ય લક્ષી આયામો દ્વારા ગ્રામીણ વિસ્તારની સુખાકારીમાં વધારો થશે. નરેગા યોજના અંતર્ગત લેબલ બજેટ પ્રમાણે માનવદિન ઉત્પન્ન કરવાનો લક્ષ્યાંક સિદ્ધ કરીને શ્રમિકોની માંગણી પ્રમાણે કામ અને કરેલ કામનું સમયસર વેતન મળે તે સુનિશ્ચિત કરીએ જેથી ગ્રામીણ અર્થવ્યવસ્થા વધુ જીવંત રાખી શકાય.

મંત્રી શ્રી રાઘવજીએ કહ્યું હતું કે, સ્વચ્છ ભારત ગ્રામીણ મિશન હેઠળ બનેલા તમામ અસ્કયામતોનો નિયમિત ઉપયોગ થાય તેમજ તમામ અસ્કયામતોની મરામત અને નિભાવણી થાય તે વધુ સુનિશ્ચિત કરવું પડશે. સેનીટેશન માટે કોઈ પણ કામો બેવડાઈ નહિ તેમજ ૧૫માં નાણાંપંચની રકમનો સેનિટેશનના કામોમાં વધુ સુયોગ્ય ઉપયોગ થાય તે મુજબનું આયોજન કરવા જણાવ્યું હતું. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના હેઠળ રાજ્યના ગ્રામીણ વિસ્તારના તમામ ઘરવિહોણા અને કાચા આવાસ ધરાવતાં કુટુંબોને પાકું આવાસ બનાવવા માટે નાણાંકીય સહાય પૂરી પાડી, પાયાની સુવિધાઓ સાથે નવા આવાસના બાંધકામ માટે સહાયરૂપ બનવાનો રાજ્ય સરકારનો દૃઢ નિર્ધાર કર્યો છે. જેને મૂર્તિમંત કરવા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં આવાસ બાંધકામમાં વધુ મદદરૂપ થવાના ઉમદા હેતુથી રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૦,૦૦૦ની વધારાની સહાય આપવામાં આવે છે.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગ્રામ વિકાસ વિભાગની મહત્વપૂર્ણ યોજનાઓ ગ્રામિણ જીવન ધોરણને અસરકારક અને અનેકવિધ સુવિધાઓ પુરી પાડતી યોજનાઓ છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં આપણે સૌ સાથે મળીને આ યોજનાઓનો અસરકારક અને સુયોગ્ય રીતે અમલીકરણથી ગુજરાતના ગ્રામિણ જીવનને વધુ ઉન્નત-સમૃદ્ધ બનાવવામાં ડીડીઓની ભૂમિકા ખૂબ જ અગત્યની બની જાય છે.

મુખ્ય સચિવ શ્રી પંકજ જોશીએ પરિષદનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, જિલ્લાવાર યોજનાઓના અમલની સમીક્ષા, નાગરીકોને લાભ પહોંચે તે માટેની કામગીરી અને સુશાસનના માધ્યમથી સારા પરિણામો મેળવવાનો પ્રયત્ન આ બેઠકનો મુખ્ય હેતુ છે. કેન્દ્ર સરકાર દ્વારા ૧૭ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ થકી સમાવેશી લોક કેન્દ્રિત અને સર્વગ્રાહી વિકાસના લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવા આયોજન કરવામાં આવ્યું છે. જેમાં માળખાકીય સુવિધાઓ, આરોગ્ય, શિક્ષણ, આર્થિક અને સામાજિક સૂચકાંકો, શાસન તથા વહીવટ સહિત નવ થીમ સંબંધિત પંચાયત સ્તરે થતી કામગીરી અને તેની પ્રગતિનું મૂલ્યાંકન કરવા માટે ભારત સરકારના પંચાયત એડવાન્સ ઈન્ડેક્સની રચના કરવામાં આવી છે.

પંચાયત એડવાન્સમેન્ટ સૂચકાંક ૨.૦માં કુલ ૧૭૪ જેટલા ઈન્ડિકેટર્સ નક્કી કરવામાં આવ્યા છે, જે અન્વયે પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સમાં સામેલ લાઈન ડિપાર્ટમેન્ટની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે પણ તેમણે જણાવ્યું હતું. વધુમાં, મુખ્ય સચિવશ્રીએ જિલ્લાના અધિકારીઓને ફિલ્ડ વર્ક વધારવા, આકસ્મિક મુલાકાતો લેવા, સમયસર વેરા વસૂલાત કરવા તથા પીએમ આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન જેવી વિવિધ યોજનાઓનો નાગરિકોને મહત્તમ લાભ મળે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

આ એક દિવસીય પરિષદમાં પંચાયત વિભાગના અગ્ર સચિવ શ્રી મિલિંદ તોરવણેએ સ્વાગત પ્રવચનમાં પરિષદનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં કહ્યું હતુ કે, પ્રધાનમંત્રીશ્રીના કાર્યકાળની ફ્લેગશીપ યોજનાઓની સમીક્ષા પણ આ બેઠકમાં કરવામાં આવશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, ખાસ ફરજ પરના અધિકારીશ્રી ધીરજ પારેખ, વિકાસ કમિશનર શ્રી હિતેશ કોયા, ગ્રામ વિકાસ કમિશનરશ્રી અજય દહિયા સહિત જિલ્લાઓના વિકાસ અધિકારીઓ, નિયામકશ્રીઓ, રાજ્ય નોડલ અધિકારીઓ સહિત પંચાયત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં ૧૮ વરસ બાદ યોજાશે આઈપીએસ અધિકારીઓની ચિંતન શિબિર : વલસાડના ધરમપુર ખાતે યોજાનારી ૩ દિવસીય ચિંતનશિબિર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ૧૮ વરસ બાદ આઈપીએસ અધિકારીઓની ચિંતન શિબિર યોજાવવા જઈ રહી છે. જે ૩ દિવસ સુધી ચલાવવામાં આવશે. આ ચિંતન શિબિરમાં આઈપીએસ સહિત કુલ ૨૦૦ થી વધુ અધિકારીઓ હાજર રહેશે.




વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે આગામી તા. ૧૧, ૧૨ અને ૧૩ ઓગસ્ટના રોજ આઈપીએસ અધિકારીઓની ચિંતન શિબિર યોજાશે. ૧૮ વરસ બાદ યોજાવવા જઈ રહેલી આ શિબિરમાં આઈપીએસ સહિત કુલ ૨૦૦ થી વધુ અધિકારીઓ ભાગ લેશે. આ શિબીર માટે બંદોબસ્તથી ભરપુર સમયગાળામાં ગામના છેડે પોલીસ અધિકારીઓ ચિંતન કરશે, ચિંતન શિબીરમાં રાજયમાં ચાલતા ગુન્હાખોરીને લગતા પ્રશ્નો અને પોલીસને રહેલ અનેક કેસોમાં ચેલેન્જ બાબતે પણ ચિંતન કરવામાં આવશે.

આ ચિંતન શિબિરના નોર્ડલ ઓફીસર સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચના એડીજીપી પરીક્ષિતા રાઠોડને બનાવવામાં આવ્યા છે. રાજયભરમાં શહેર, રેન્જ, જિલ્લા અને મહત્વની બ્રાન્ચોનો ચાર્જ જુનીયર અધિકારીઓને આપવામાં આવશે. અગાઉ વર્ષ ૨૦૧૧ માં ગુજરાત પોલીસે ચિંતન શિબીરનુ આયોજન કર્યુ હતું. ત્યારબાદ હવે ફરી આ આયોજન કરવામાં આવ્યુ છે અને અધિકારીઓ સાથે વાતચીત કરવામાં આવશે.

# અમદાવાદમાં રક્ષાબંધન પર્વ પર અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની બહેનોને ભેટ: એએમટીએસ માં મહિલાઓ કરશે મફત મુસાફરી

**ભાઈ બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે એએમટીએસ ની બસોમાં મહિલાઓ તદ્દન મફતમાં મુસાફરી કરી શકશે**

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાઈબહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે રક્ષાબંધનને લઈને બહેન સરળતાથી ભાઈના ઘરે પહોચી શકે તે માટે એએમસી દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ દિવસે બહેનો મફતમાં એએમટીએસમાં મુસાફરી કરી શકશે.

મળતી માહિતી પ્રમાણે રક્ષાબંધનના દિવસે શહેરની તમામ એએમટીએસની બસોમાં મહિલાઓ તદ્દન મફતમાં મુસાફરી કરી શકશે, વહેલી સવારથી શરૂ થતી બસથી લઈને મોડી રાતની છેલ્લી બસમાં મહિલાઓ મફત મુસાફરી કરી શકશે.

આ દિવસે મહિલાઓ પાસેથી ટીકીટ માટેનો કોઈ ચાર્જ લેવામા આવશે નહી. આ અંગે એએમટીએસના કમિટીના ચેરમેન ધરમસિંહ દેસાઈએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે રક્ષાબંધનના દિવસે શહેરની તમામ એએમટીએસ બસોમાં મહિલાઓ માટે મફત મુસાફરી ઉપલબ્ધ રહેશે.



સવારની પહેલી બસથી લઈને રાતની છેલ્લી બસ સુધી કોઈપણ રૂટ પરની બસમાં મહિલાઓ પાસેથી ટીકીટનો કોઈ ચાર્જ લેવામાં નહી આવે, મહિલાઓની સુવિધાઓને ધ્યાનમાં રાખી રક્ષાબંધન પર વિના મુલ્યે મુસાફરી કરી શકે તે માટે નિર્ણય લેવામાં આવ્યો છે.

# અમદાવાદમાં ટ્રાફીક સમસ્યા હળવી કરવા ટીપી રોડ પહોળા કરાશે : દરેક ઝોનમાંથી કુલ ૮૭૬૭ મિલ્કતોને થનારી અસર

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં વાહનોની સતત વધતી સંખ્યાને કારણે ટ્રાફીકની સમસ્યા ગંભીર બની રહી છે. આ સમસ્યાને હળવી કરવા માટે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન (એએમસી) દ્વારા શહેરના તમામ ઝોનમાં ટી પી (ટ્રાફીક પ્લાનીંગ) રોડ પહોળા કરવાનો નિર્ણય લેવાયો છે. આ પ્રોજેકટ હેઠળ, જે મિલ્કતો રોડ પહોળા કરવાના કામમાં કપાત જશે તેના માલીકોને નિયમો મુજબ વળતર આપવામાં આવશે.

એએમસીના સર્વે મુજબ શહેરમાં કુલ ૮૭૬૭ મકાનો એવા છે જે ૫૦ ટકાથી વધુ કપાતમાં જવાની શકયતા છે. આવા કિસ્સાઓમાં, મિલ્કત ધારકોને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે નવા મકાનો ફાળવવામાં આવશે. આ માટે મિલ્કત ધારકોએ વર્ષ ૨૦૧૦ પહેલાના રહેઠાણના પુરાવા રજુ કરવા પડશે. જો આ યોજના અમલમાં મુકાય તો એએમસીને આશરે ૮૭૬૭ નવા મકાનોની જરૂર પડશે. એએમસી દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં ઝોન મુજબ કેટલી મિલ્કતોને અસર થશે તેની વિગતો પણ બહાર આવી છે. જેમાં ઉત્તર ઝોનમાં સૌથી વધુ ૧૪૭૫ મકાનો કપાતમાં જશે, આ વિસ્તારમાં કુબેરનગર, સરદારનગર, સરસપુર, ઠકકરબાપાનગર અને રખીયાલ જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે, પશ્ચિમ ઝોનમાં ગોતા, ચાંદલોડીયા, નવરંગપુરા, નારણપુરા, વાસણા અને પાલડી જેવા વિસ્તારોમાં ૧૪૨૯ મકાનોને અસર થશે. મધ્ય ઝોનમાં શાહપુર, શાહીબાગ અને



અસારવા જેવા વિસ્તારોમાં ૧૩૩ મકાનો કપાતમાં જશે. ઉત્તર-પશ્ચિમ ઝોનમાં અહીં ૯૯૪ મકાનો પર અસર થશે, દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં ૫૧૨ મકાનોને અસર થશે. આ ઉપરાંત રાણીપમાં બકરામંડી વિસ્તાર અને ગાયત્રી ગરનાળા નજીકના રોડ પર ૨૮૦ થી વધુ મકાનો કપાતમાં જઈ રહ્યા છે. આ યોજના દ્વારા શહેરના ટ્રાફીકનુ ભારણ ઘટાડવા અને રસ્તાઓને વધુ સુવિધાજનક બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# લમ્પી રોગ સામે રાજ્ય સરકાર સજ્જ: ઘનિષ્ઠ સારવાર અને રસીકરણથી પશુઓને કરાયા સુરક્ષિત

રાજ્યના કેટલાક વિસ્તારના ગૌ વંશમાં ફરી એકવાર લમ્પી રોગનો ફેલાવો ધ્યાને આવતા પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલના દિશાનિર્દેશથી રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે લમ્પીગ્રસ્ત પશુઓની ઘનિષ્ઠ સારવાર હાથ ધરવામાં આવી હતી. સાથે જ, આસપાસના વિસ્તારોના સ્વસ્થ પશુઓમાં આ રોગ પ્રસરે નહિ, તે માટે સઘન રોગપ્રતિકારક રસીકરણ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું.

વરસાદી વાતાવરણમાં મચ્છર/ માખીઓનો ઉપદ્રવ વધતા રાજ્યના ૧૨ જિલ્લાના ૧૭૨ ગામમાં લમ્પીના અત્યાર સુધીમાં ૪૯૨ કેસ નોંધાયા હતા. રાજ્યના ગૌ વંશને મચ્છર/ માખીથી ફેલાતા આ લમ્પી રોગથી બચાવવા માટે પશુપાલન વિભાગ દ્વારા તુરંત જ અસરગ્રસ્ત ગામોની મુલાકાત લેવામાં આવી હતી અને લમ્પીગ્રસ્ત પશુઓને અલગ કરીને તેમની સઘન સારવાર શરુ કરવામાં આવી હતી.

પશુ ચિકિત્સકો દ્વારા અસરગ્રસ્ત પશુઓને ઘનિષ્ઠ સારવાર આપવામાં આવી હતી, જેના પરિણામે આજે ૪૨૬ પશુઓ સ્વસ્થ થયા છે. જ્યારે, ૨૮ પશુઓ સારવાર હેઠળ છે. પશુપાલન વિભાગ દ્વારા સારવાર હેઠળના અસરગ્રસ્ત ગૌ વંશનું નિયમિત ફોલોઅપ લેવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર, રાજકોટ, દેવભૂમિદ્વારકા, જામનગર, મોરબી, અમરેલી, બોટાદ, કચ્છ, સુરત, નવસારી, તાપી અને અમદાવાદને મળીને કુલ ૧૨ અસરગ્રસ્ત જિલ્લામાં પશુઓને લમ્પીથી રક્ષિત કરવા સર્વેલન્સ અને રસીકરણની કામગીરી પણ યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના ગૌ વંશને લમ્પી રોગ સામે રક્ષણ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા અસરગ્રસ્ત જિલ્લાના ૭ લાખથી વધુ પશુઓને મળીને સમગ્ર રાજ્યના કુલ ૨૩ લાખથી વધુ પશુઓનું વર્ષ ૨૦૨૫ દરમિયાન રોગપ્રતિકારક રસીકરણ કરવામાં આવ્યું છે. આ રસીકરણના પરિણામે જ ગુજરાતના મહત્તમ પશુઓને લમ્પીમુક્ત રાખવામાં સફળતા મળી છે. રાજ્યમાં હજુ પણ ક્યાંય પશુઓમાં લમ્પી રોગ જણાય તો પશુપાલકોએ તુરંત જ ટોલ ફ્રી નંબર-૧૯૬૨ પર સંપર્ક કરીને અથવા નજીકના પશુ દવાખાનાનો સંપર્ક કરવાનો રહેશે, જેથી અસરગ્રસ્ત પશુને ઝડપથી સારવાર આપીને સ્વસ્થ કરી શકાય.

- નિતિન રથવી

સરકારી તંત્રની ગંભીર બેદરકારી

# સરકારી તંત્રએ જીવતા માણસને મૃત જાહેર કરી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

ગુજરાતમાં સરકારી તંત્રના સારા અને નરસા અનેક અનુભવો લોકોને થતા હોય છે. ત્યારે એક વેપારીને સરકારી સિસ્ટમનો કડવો અનુભવ થયો છે. કાપડના વેપારીને તંત્રએ મૃત જાહેર કરી દેતા અનેક સવાલો ઉભા થયાં છે. સરકારી ચોપડે કાપડના વેપારી હનિફ કચ્છીને મૃત જાહેર કરવામાં આવ્યા છે. રેશનકાર્ડ ખોવાઈ જતાં વેપારી કચેરીએ ગયા હતાં જ્યાં તેઓ પોતે મૃત હોવાની જાણકારી મળી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરામાં હનીફ કચ્છી નામના કાપડના વેપારીનું રેશનકાર્ડ ખોવાઈ ગયું હતું. જેથી તેઓ રેશનકાર્ડ કઢાવવા માટે સરકારી કચેરીમાં ગયા હતાં. જ્યાં સરકારી ચોપડે તેઓ મૃત હોવાનું જાણવા મળતા તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પોતે જીવીત હોવા છતાં સરકારી તંત્રએ તેમને મૃત જાહેર કર્યા હતાં. તેમનો દીકરો જરૂરી કાગળો લઈને ગયો તો અધિકારીએ એવું કહ્યું હતું કે, તમારા પિતાનું નિધન થઈ ગયું છે.

કાપડના વેપારી હનીફ કચ્છીએ કહ્યું હતું કે, હું જીવતો છું એવું મારે પુરવાર કરવું પડશે. કર્મચારીએ કહ્યું હતું કે, આ માટેની પ્રોસેસમાં ૨૦ દિવસનો સમય લાગશે. સરકારી તંત્રના છબરડાને કારણે અનેક લોકોને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. જીવતા માણસને તંત્રના કર્મચારીઓની બેદરકારી મૃત જાહેર કરી નાંખે છે. વડોદરામાં કાપડના વેપારીને હવે પોતે જીવીત છે એવું પુરવાર કરવા ભારે મુસીબતનો સામનો કરવો પડશે એવું તેમનું કહેવું છે.આ અંગે વડોદરાના ડેપ્યુટી મામલતદાર ફાલ્ગુની ચંદાવરાનું કહેવું છે કે, મારી સાસુ મરી જતા હું રજા પર હતી આજે જ ફરજ પર આવી છું.૨૦૧૭-૧૮ના ડેટામાં સમસ્યા થઈ છે.

# અમદાવાદમાં ૭ હજાર થી વધુ પોલીસ કર્મીઓના પગારમાં વિલંબ : પગાર કયારે થશે તેની કોઈ ખબર નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં ૭ હજાર થી વધુ પોલીસ કર્મીઓના પગારમાં વિલંબ થયો હોવાના અહેવાલો છે. આ વિલંબ કદાચ વહિવટી અથવા નાણાંકીય કારણોસર થયો હશે, પરંતુ ચોકકસ કારણ હજુ સ્પષ્ટ નથી, અમદાવાદમાં પોલીસ કર્મીઓના પગારમાં વિલંબ થયો છે. જેના કારણે કેટલાક પોલીસ કર્મીઓ નારાજ છે.




અમદાવાદના પોલીસ કોન્સ્ટેબલથી લઈ પીઆઈ સુધીના ૭ હજાર થી વધુ પોલીસ કર્મચારીઓમાં પગારમાં વિલંબનો મુદ્દો ઉહાપોહનો કારણ બન્યો હતો. પોલીસ કર્મચારીઓના પગાર થી માંડી સર્વિસ ડેટાની તમામ વિગતો કેન્દ્ર સરકારના કર્મયોગી પોર્ટલ સાથે કનેકટ કરવામાં વિલંબ થયો છે. ઈજાફાની ખતવણી સાથે પગાર ચુકવણી શરૂ કરાઈ છે. જે ચાર દિવસમાં પુર્ણ થશે. શહેર પોલીસના કોન્સ્ટેબલથી માંડી પીઆઈ સુધીના સ્ટાફનો પગાર દર મહિને ત્રીજી તારીખ સુધીમાં થઈ જતો હોય છે પરંતુ ચાલુ મહિને પગારમાં વિલંબ થતા ઉહાપોહ મચી ગયો છે. ખાસ કરીને હાઉસિંગ લોન, કાર લોન, સહિતના બેંકોના હપ્તાની ચુકવણીની તારીખના મુદ્દે અનેક પોલીસ કર્મચારીઓએ પોલીસ કમિશ્નર કચેરીની એકાઉન્ટ બ્રાન્ચમાં દોડધામ કરી મુકી છે. જો કે ઉહાપોહ ને પગલે બુધવાર સાંજ થી પગારના ઓનલાઈન ચુકવણા શરૂ થયા છે. ઈજાફાની ખતવણી થતી જશે તેમ ચુકવણીમાં વધુમાં વધુ ચાર દિવસનો સમય વિતશે. પગારમાં ચાર દિવસના વિલંબ પાછળ નેશનલ કર્મયોગી પોર્ટલ પર અમદાવાદ સહિત ગુજરાત પોલીસના કર્મચારીઓની વિગતોની નોંધણી થઈ શરૂ કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારના કર્મયોગી પોર્ટલ ઉપર હવેથી પોલીસ કર્મચારીઓની રજા, એલટીસી, પ્રોબેશન, પ્રોપર્ટી, ઈન્ક્રીમેન્ટ, રીટર્ન સહિતનો તમામ રેકોર્ડ આ નેશનલ પોર્ટલ પર રહેશે. પોલીસ કર્મચારીઓની ઈ-સર્વિસ બુક તૈયાર થઈ જતા દર મહિને નોકરી અંગેની વિગતો કર્મયોગી પોર્ટલ ઉપર અપલોડ થઈ જશે. પોલીસ કર્મચારીઓ પણ કર્મયોગી એપ્લીકેશન ડાઉનલોડ કરી પોતાની વિગતો જાણી શકશે. પોલીસનો સર્વિસ ડેટા ઓનલાઈન થતા પોલીસ સ્ટેશનોના વહિવટી વિભાગના પગારબીલના પેપર વર્કની કામગીરીમાંથી મુક્તિ મળશે.

**પશ્ચિમ રેલ્વે - અમદાવાદ**

ઇ-ટેન્ડર સૂચના NO-EL/C/ADI/TRD/46/2025-26

**25 KV, AC OHE અને અન્ય સંલગ્ન કાર્યોની ડિઝાઇન, પુરવઠો, પરીક્ષણ અને કમિશનિંગ**

કામનું નામ અને સ્થાન: સોનાસન સાથે સંકળાયેલ 25 kv, AC OHE અને અન્ય સંકળાયેલ કાર્યોનું ડિઝાઇન, પુરવઠો, પરીક્ષણ અને કમિશનિંગ - લાઇન નં. 1 (HMT એન્ડ) ના DE ને 700x25 મીટર એપ્રોચ રોડ અને અન્ય ગુડશેડ સુવિધાઓના આઈલેન્ડ PF સાથે લંબાવીને બે લોડિંગ લાઇનો પૂરી પાડવી.

કામનો અંદાજિત ખર્ચ: ₹1,62,00,726/-

જમા કરાવવાના અર્નેસ્ટ મની: IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ.

બીડ સબમિટ કરવાની અને ખોલવાની તારીખ અને સમય: IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ.

ટેન્ડર ફી: IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ

કામ પૂર્ણ કરવાનો સમયગાળો: ૧૨ મહિના

વેબસાઇટ ખાસ અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું: નોટિસ બોર્ડ અને ઓફિસ નાયબ મુખ્ય વિદ્યુત ઇજનેર (બાંધકામ), પશ્ચિમ રેલ્વે, નિર્માણ ભવન-અસારવા, અમદાવાદ (ગુજરાત-382345)

www.ireps.gov.in

CPM046

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



મહાન ગાયક અને ઓલરાઉન્ડર જીનિયસ, કિશોર કુમાર જી, જેમને આપણે પ્રેમથી કિશોર દા કહીએ છીએ, તેમની ૯૬મી જન્મજયંતિ પર અમદાવાદમાં ત્રણ દિવસનો ભવ્ય મેગા સેલિબ્રેશન યોજાયો હતો. "હર રંગ કિશોર દા કે સંગ" નામનો આ કાર્યક્રમ મેલોડી મેકર્સ મ્યુઝિકલ ગ્રુપ અને ક્રોક સ્ટુડિયોના સહયોગથી યોજાયો હતો. ખચોખચ ભરેલા મિનિટોરિયમમાં, આ સેલિબ્રેશનમાં કિશોર દાના ૯૬મા જન્મદિવસ નિમિત્તે ૯૬ ગીતોની સત્તાવાર શ્રેણી રજૂ કરવામાં આવી હતી, ત્યારબાદ શ્રોતાઓની ફરમાઈશો પણ પૂરી કરવામાં આવી હતી. શિવશંકર બુંદેલા અને મીનુ સિંઘવી મોતીયાણી જીએ ક્રોકની આખી ટીમ સાથે મળીને એકથી વધુ ગીતો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન વરિષ્ઠ મનહર શુક્લ જીએ કર્યું હતું, જેમણે કિશોર કુમાર સાહેબના જીવનના અનેક રસપ્રદ પાસાઓને સ્પર્શીને આ કાર્યક્રમને વધુ યાદગાર બનાવ્યો હતો.

# હર ઘર તિરંગા : હર ઘર સ્વચ્છતાઃ સ્વતંત્રતા કા ઉત્સવ સ્વચ્છતા કે સંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારત સરકાર દ્વારા આજે તા. ૮ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન સમગ્ર દેશમાં હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવનાર છે. ૭૯ માં સ્વાતંત્ર દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવશે તેવુ રાજયના રમત ગમત અને યુવા મંત્રીએ જણાવ્યુ હતુ કે આ વરસે હર ઘર તિરંગા,હર ઘર સ્વચ્છતા : સ્વતંત્રતા કા ઉત્સવ, સ્વચ્છતા કે સંગ ની થીમ પર સમગ્ર રાજયમાં અભિયાન યોજાશે. જે અંતર્ગત રાજયના મુખ્ય ચાર શહેરો રાજકોટ, સુરત, વડોદરા અને અમદાવાદ ખાતે ક્રમશઃ ૯,૧૦,૧૧ અને ૧૨ ઓગસ્ટના રોજ ભવ્ય તિરંગા યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત રાજયના વિવિધ જિલ્લા



મથક, મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ, તાલુકાઓ અને ગ્રામ પંચાયતોમાં પણ તિરંગા યાત્રાની ઉજવણી થશે. આ યાત્રામાં રાજયભરની અનેક સંસ્થાઓ સહભાગી થશે. તિરંગા યાત્રા ઉપરાંત જિલ્લા અને મહાનગરપાલિકા વિસ્તારમાં જનભાગીદારીથી સ્વચ્છતા યાત્રાનુ પણ આયોજન કરવામાં આવશે અને શહેરોને સ્વચ્છ રાખવા સફાઈ ઝુબંશે હાથ ધરવામાં આવશે. તા. ૧૨ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન રાજયના વિવિધ સ્થળો ખાતે સ્વચ્છતા સંવાદ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવશે. આ ઉજવણીમાં રાજયના તમામ ઘર, દુકાન, ઉદ્યોગગૃહ, સરકારી કચેરી, ખાનગી કચેરી અને લારીઓ પર પણ તિરંગા લહેરાવવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા રાજયની શૈક્ષણિક સંસ્થાઓ દેશભકિતની થીમ ઉપર ફેન્સી ડ્રેસ સ્પર્ધા, તિરંગા ચિત્ર સ્પર્ધા, તથા તિરંગા રંગોળી સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીને પુરસ્કારથી સન્માનિત કરાશે. શિક્ષણ વિભાગ દ્વારા બાળકોને આઝાદી તેમજ તિરંગાનુ સન્માન જળવાય તે અંગેની વધુ સમજ પણ આપવામાં આવશે. આ ઉપરાંત દેશના જવાનો અને પોલીસ કર્મીઓને મોકલવા માટે બાળકો દ્વારા તિરંગા રાખડી પણ તૈયાર કરવામાં આવશે.

# આજે રાજયના ૧૫૬ ધારાસભ્યો-સાંસદોને કમલમમાં પહોચી જવા આદેશો છુટયાઃ બપોરે ૧ વાગ્યા સુધીમાં પહોચી જવા માટે આદેશો છુટયા

### વિધાનસભા વાઈઝ યોજાનારી તિરંગા યાત્રા સંદર્ભે જ બેઠક બોલાવવામાં આવી હોવા છતાં કોઈ મોટો નિર્ણય લેવાય તેવી પણ શકયતા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપના તમામ સાંસદો અને ધારાસભ્યોને કમલમમાંથી તેડુ મોકલવામાં આવ્યુ છે. આજે શુક્રવારે બપોરે ૧ વાગ્યા સુધીમાં તમામને ભાજપ પ્રદેશ કાર્યાલય ખાતે પહોચી જવાનો એક લીટીનો આદેશ આપવામાં આવ્યો છે. આગામી દિવસોમાં ભાજપ દ્વારા વિધાનસભા બેઠક વાઈઝ યોજાનારી તિરંગા યાત્રા સંદર્ભે જ બેઠક બોલાવવામાં આવી છે. પરંતુ પક્ષ આ બેઠકમાં કોઈ મોટી સરપ્રાઈઝ પણ આપી શકે તેવી શકયતાઓ કાર્યકરોના મનમાં ઉપસી રહી છે. અમુક નેતાઓ એવુ પણ કહી રહ્યા છે કે આજે પ્રદેશ પ્રમુખના નામની પણ અણધારી ઘોષણા કરી દેવામાં આવે તો નવાઈ નહી.




ભાજપ દ્વારા સ્વાતંત્ર પર્વની ઉજવણી અંતર્ગત દેશભરમાં તિરંગા યાત્રા યોજવાનુ નકકી કરવામાં આવ્યુ છે. તિરંગાયાત્રાના રાષ્ટ્રીય પ્રભારી તરીકે સાંસદ વી ડી શર્માની નિયુકિત કરવામાં આવી છે. જયારે ગુજરાતના પ્રભારી તરીકે પ્રદેશ ભાજપ મંત્રી પરેશભાઈ પટેલની વરણી કરવામાં આવી છે. વિધાનસભા વાઈઝ યોજાનારી તિરંગા યાત્રા સંદર્ભે આજે બપોરે ૧:૩૦ કલાકે પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે એક બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ભાજપના તમામ સાંસદ અને ધારાસભ્યોને હાજર રહેવા ગુરૂવારે કમલમમાંથી આદેશો છુટયા છે. અગાઉ એવુ નકકી કરાયુ હતુ કે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર પાટીલના અધ્યક્ષ સ્થાને આ બેઠક યોજાશે. પરંતુ હાલ સંસદમાં ચાલતા ચોમાસુ સત્રમાં આજે પાટીલે એક મહત્વપૂર્ણ પ્રશ્નોત્તરીમાં સામેલ થવાનુ હોવાના કારણે આ બેઠકમાં હાજર રહી શકશે નહી, અન્ય કેટલાક સાંસદો પણ બેઠકમાં ગેરહાજર રહેશે. સંગઠન મહામંત્રી રત્નાકરજી પણ એક કાર્યક્રમમાં રોકાયેલા હોવાના કારણે બેઠકમાં હાજરી આપશે નહી. પાટીલ અને રત્નાકરજી બેઠકમાં હાજર રહેવાના ન હોવાના કારણે એક વાતે વધુ વેગ પકડયો છે કે પક્ષ દ્વારા ભલે હાલ એવુ કહેવામાં આવી રહ્યુ હોય કે આજની ધારાસભ્યોને સાંસદો સાથેની બેઠક માત્ર તિરંગા યાત્રા સંદર્ભે મળશે,

પરંતુ હાઈકમાન્ડ દ્વારા મોટી સરપ્રાઈઝ પણ આપી શકાય છે. ઉલ્લેખનીય છે તાજેતરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દિલ્હીમાં વડાપ્રધાન મોદીને મળ્યા હતા. જયારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાએ પણ રાષ્ટ્રીય મહામંત્રીઓ સાથે બેઠક યોજી હતી. ગુજરાત અને ઉત્તર પ્રદેશના પ્રમુખોના નામ પક્ષ દ્વારા હવે ઝડપથી જાહેર કરી દેવાની ગણતરી હોવાનુ મનાઈ રહ્યુ છે. આજની બેઠક માત્ર તિરંગા પુરતી સિમિત રહેશે તો પણ સોમવાર સુધીમાં ગુજરાત ભાજપના નવા સુકાની જાહેર કરી દેવામાં આવે તેવુ સુત્રો કહી રહ્યા છે.

ગુજરાતમાં મંત્રી મંડળના વિસ્તરણની અટકળો છેલ્લા દોઢ વરસથી ચાલી રહી છે. પરંતુ કોઈના કોઈ કારણોસર વિસ્તરણ પાછુ ઠેલાઈ રહ્યુ છે. આ સંદર્ભે પણ આજની બેઠકમાં ચર્ચા થવાની શકયતા રહેલી છે. સીઆર પાટીલના નવા અનુગામી તરીકે કોના શીરે તાજ મુકવો અને પાટીલને ભાવભરી વિદાય આપવાનુ આયોજન પણ ઘડવામાં આવી શકે છે. આજથી ૩ દિવસ માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. જયારે વડાપ્રધાન મોદી સાતમ આઠમના તહેવારો બાદ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ત્યારે આજની બેઠક પણ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આજની બેઠકમાં ધારાસભ્યો અને સાંસદોને આડકતરી રીતે સરકાર અને સંગઠનમાં થનારા ફેરફાર માટે માનસિક રીતે તૈયાર કરી દેવામાં આવશે. ઉપરાષ્ટ્રપતિની ચુંટણી સંદર્ભે પણ બેઠકમાં ચર્ચા થવાની સંભાવના જણાઈ રહી છે. આ બેઠકને લઈને ભાજપના કાર્યકરોમાં ઉત્તેજના વ્યાપી છે.

# રાજયમાં ૩.૬૫ કરોડ લોકો મફત અનાજ પર નિર્ભર : ગરીબી તો હટી નહી પણ ગુજરાતમાં ગરીબોની સંખ્યામાં વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

એક તરફ ગુજરાત તમામ ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યુ છે, વાઈબ્રન્ટ ગુજરાતનો દરજજો મેળવ્યો છે. તો બીજી તરફ આ જ વિકસિત ગુજરાતની દારૂણ ગરીબીની પરીસ્થિતિનું અસલી ચિત્ર બહાર આવ્યુ છે. ગુજરાતની મોટાભાગની જનતા મફત અનાજ લેવા મજબુર બની છે. ખુદ કેન્દ્રીય અન્ન નાગરીક પુરવઠા વિભાગે સંસદમાં રીપોર્ટ રજુ કર્યો છે કે ગુજરાતમાં ૩.૬૫ કરોડ લોકો મફત અનાજ મેળવે છે. વિકાસના બણગા ફુંકવામાં આવી રહ્યા છે. ત્યારે કડવી હકીકત એ છે કે લોકોને બે ટંક ખાવાનાય ફાંફાં છે. કરૂણતા એ છે કે રાજય સરકાર હજારો લાખો લોકોને મફત અનાજ આપે છે. તેને સિધ્ધી ગણાવી રહી છે, અહેવાલ અનુસાર છેલ્લા ૩૦ વરસથી ગુજરાતમાં ભાજપ સત્તાના સિંહાસને છે. વિકાસની ગુલબાંગો પોકારવામાં આવી રહી છે, ત્યારે હજુ સુધી લોકોની આર્થિક



સ્થિતિમાં સુધાર આવી શકયો નથી. ગરીબી હટાવોના નારા ગુંજી રહ્યા છે. પરંતુ સરકાર ગરીબી તો હટાવી શકી નથી, બલ્કે ગરીબ પરીવારોની સંખ્યામાં દિવસે ને દિવસે નોધપાત્ર વધારો થયો છે. ગુજરાતમાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (એનએફએસએ) યોજના હેઠળ ગરીબ પરીવારોને મફત ઘઉં, ચોખા સહિત અનાજ પુરૂ પાડવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ગુજરાતમાં ૩.૪૫ કરોડ લોકો મફત અનાજ મેળવતા હતા. જયારે વર્ષ ૨૦૨૫ માં મફત અનાજ લેનારાઓની સંખ્યા વધીને ૩.૬૫ કરોડ સુધી પહોચી ગઈ છે. છેલ્લા બે વરસમાં જ મફત અનાજ લેનારા લોકોની સંખ્યામાં ૨૦ લાખનો વધારો થયો છે. આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, કેરાલા, હરીયાણા, પંજાબ, ગોવા, દિલ્હી, તેલંગાણા, ઝારખંડ, ઉત્તરાખંડ સહિત અન્ય રાજયો કરતા સમૃધ્ધ ગુજરાતમાં મફત અનાજ લેનારાઓની સંખ્યા સવિશેષ વધુ છે.

ગુજરાતમાં આજે એવી પરીસ્થિતિનું નિર્માણ થયુ છે કે રોજગારીના અભાવે શહેરોમાં લોકો રોજના ૩૨ રૂપીયા અને ગામડામાં રોજના ૨૬ રૂપીયા પણ ખર્ચવા અસમર્થ છે. ત્યારે રાજય સરકારને માત્ર વિકાસના નામે માત્ર માર્કેટીંગ કરવામાં જ રસ છે. કેન્દ્રના રીપોર્ટ અનુસાર ગુજરાતમાં શહેરોમાં ૭૫.૩૫ લાખ અને ગ્રામ્ય વિસ્તારોમાં ૨૬.૮૮ લાખ ગરીબો છે. જે ગરીબી રેખા નીચે જીવન જીવી રહ્યા છે. ખુદ રાજય સરકારે વિધાનસભામાં કબુલ્યુ છે કે છેલ્લા બે વરસમાં ગુજરાતમાં ૧૩૫૯ ગરીબ પરીવારોની સંખ્યા વધી છે. ગુજરાતમાં ગરીબી ચરમસીમાએ પહોચી છે. તેમ છતાંય સરકારે મફત અનાજ વહેચીને વાહવાહી લુંટી રહી છે. ઉલ્લેખનીય છે કે સુખી સંપન્ન ગુજરાતમાં વર્ષ ૨૦૨૪ માં ૭૫૨૯ કરોડનુ મફત અનાજ વહેચ્યુ હતું, ગરીબી નાબુદી માટે અનેક સરકારી યોજનાઓ અમલમાં છે. તેમ છતાંય ગુજરાતમાં ગરીબીએ સીમા વટાવી છે. ત્યારે છેવાડાના માનવી સુધી લાભ મળતો નથી તે વાત પ્રસ્થાપિત થઈ છે.

# રાજયની ગ્રાન્ટેડ શાળાઓને મળશે ૧.૫૦ કરોડ સુધીની આર્થિક સહાયઃ મિશન સ્કુલ ઓફ એકસલન્સ અંતર્ગત શિક્ષણ વિભાગનો નિર્ણય

પ્રતિનિધિ,ગાંધીનગર

મિશન સ્કુલ ઓફ એકસલન્સ-૨ ઘ અન્વયે ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે ૧૦ લાખ થી ૧.૫૦ કરોડ સુધીની આર્થિક સહાય મળશે. મિશન સ્કુલ ઓફ એકસલન્સ ૨.૦ અંતર્ગત પસંદ થયેલી રાજયની ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને માળખાકીય સુવિધાઓ સંગીન બનાવવા રાજય સરકાર સહાય આપશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન શિક્ષણ વિભાગ હેઠળની આવી ગ્રાન્ટ ઈન એઈડ સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળાઓને આ સહાય ૮૦:૨૦ ના પ્રમાણમાં આપવામાં આવશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આવનારા સમયની આવી જરૂરીયાતો અંગે વિઝનરી પ્લાનીંગ સાથે ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં પણ સરકારી શાળાઓની જેમ માળખાકીય સુવિધાઓને સુદ્રઢ કરવા માટે આર્થિક સહાય આપવાનો નિર્ણય લીધો છે. તદ અનુસાર શિક્ષણમંત્રીના દિશા દર્શનમાં રાજયના શિક્ષણ



વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ થી ૫ વર્ષ માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

રાજય સરકારે શિક્ષણ જગતના અને શાળાના વિદ્યાર્થીઓના વ્યાપક હીતમાં આ યોજના શરૂ કરીને શાળા સંચાલક મંડળ સંઘની માંગણીનો હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. મુખ્યમંત્રીએ મંજુર કરેલી આ યોજના અન્વયે મિશન સ્કુલ ઓફ એકસલન્સ ૨.૦ અંતર્ગતની આવી ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે ૧૦ લાખ થી ૧.૫૦ કરોડ સુધીની આર્થિક સહાય શાળાઓમાં માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે ફકત એક જ વાર મળી શકશે.

શાળાઓને જે માળખાકીય સુવિધાઓ માટે આ યોજના અંતર્ગત સહાય મળવા પાત્ર છે તેમાં ખુટતા વર્ગખંડના બાંધકામ, પુસ્તકાલય, લેબોરેટરી, કોમ્પ્યુટર લેબ, વોકેશનલ રૂમ, ગર્લ્સ રૂમ, વગેરે વિશિષ્ટ ખંડોના બાંધકામ , વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ અને દિવ્યાંગ છાત્રો માટેના નવા ટોયલેટ બ્લોકસ તથા પીવાના પાણીની સુવિધા અને અન્ય મેજર રીપેરીંગ તેમજ રંગરોગાણ, કંપાઉન્ડ વોલ અને દિવ્યાંગ માટે જરૂરી સુગમ્ય માળખાકીય સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આવી સુવિધાઓ માટે થનારા ખર્ચના ૮૦ ટકા રાજય સરકાર આપશે તથા બાકીના ૨૦ ટકા રકમ સંબંધીત શાળા મંડળ દ્વારા ભોગવવાની રહેશે. મિશન સ્કુલ ઓફ એકસલન્સ ૨:૦ અંતર્ગત આવતી અને આ સહાય માટે પાત્રતા ધરાવતી ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક , ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં નિયત નમુનામાં દરખાસ્ત કરીને સંબંધીત જિલ્લા શિક્ષણ અધિકારીને મોકલી શકાશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કરેલો આ શિક્ષણ હેતુલક્ષી નિર્ણય ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોની ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં વિદ્યાર્થી લક્ષી માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં મદદરૂપ બનશે અને સંચાલકો પરનુ આર્થિક ભારણ પણ ઓછુ થશે. આ અંગેના વિધીવત ઠરાવો શિક્ષણ વિભાગ દ્વારા જારી કરવામાં આવ્યા છે.

# અસારવા સિવિલમાં દર્દીને લાફો મારી દેનારા બાઉન્સરને સસ્પેન્ડ કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં મોટા શહેરોમાં સરકારી હોસ્પિટલોમાં બાઉન્સર્સ રાખવામાં આવે છે.

હોસ્પિટલમાં આવતા દર્દીઓ સાથે અનેક વખત બાઉન્સર્સ સાથે વિવાદો થતા હોવાના બનાવો સામે આવે છે. દર્દીઓ સાથે દાદાગીરીથી વર્તન કરતા બાઉન્સર રાજથી અનેક સવાલો ઉભા થયા હતાં. ત્યારે અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં એક બાઉન્સરે દર્દીને લાફો મારી દીધો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

અમદાવાદની અસારવા સિવિલમાં સુરક્ષા માટે રાખેલા બાઉન્સરો દર્દીઓ સાથે અણછાજતુ વર્તન કરતા હોય છે. ઘણી વખત દર્દીઓ સાથે મારપીટ સુધીના બનાવો સામે આવતા હોય છે. ત્યારે એક બાઉન્સર દ્વારા દર્દીને લાફો મારી દેવાનો બનાવ સામે આવ્યો હતો. હોસ્પિટલમાં દર્દીના સગાએ વીડિયો બનાવી બાઉન્સરે દર્દીને ફટકાર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. બાઉન્સરને દર્દી પર હાથ ઉપાડવાનો અધિકાર કોણે આપ્યો, હોસ્પિટલમાં દર્દી સાથે આવી હિંસા થવી યોગ્ય છે ખરી આવા અનેક સવાલો ઉભા થયા હતાં.

હોસ્પિટલમાં દર્દીના સગાએ બાઉન્સરની દાદાગીરીનો વીડિયો બનાવી વાયરલ કર્યો હતો. સમગ્ર ઘટના સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. રાકેશ જોશી સુધી પહોંચતા મામલાની તપાસ હાથ ધરાઈ હતી.

# ભાજપ હટાવો દેશ બચાવોઃ ભાજપના નેતાએ જ કરી વિવાદીત પોસ્ટઃ નેતાએ ગણતરીના મીનીટોમાં ડીલીટ કર્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાવનગર શહેર ભાજપના પુર્વ મહામંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા યોગેશ બદાણીની એક વિવાદીત ફેસબુક પોસ્ટ થી રાજકીય વર્તુળો માટે ભારે હડકંપ મચી ગયો છે. બદાણીના સત્તાવાર ફેસબુક એકાઉન્ટ પરથી ભાજપ હટાવો દેશ બચાવો જેવી કડક અને સીધી ભાજપ વિરોધી પોસ્ટ થતાં સમગ્ર ભાવનગરના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

મહત્વનુ છે કે આ પોસ્ટ થયાના ગણતરીની મીનીટોમાં જ ડીલીટ કરી દેવામાં આવી હતી, પરંતુ ત્યાં




સુધીમાં તેના સ્કીન શોટ્સ સોશીયલ મીડીયામાં ફરતા થઈ ગયા હતા.

આ પોસ્ટ બાદ જયારે ભાજપના કાર્યકરો અને નેતાઓએ આ મુદ્દે ખુલાસો માંગ્યો ત્યારે યોગેશ બદાણીએ સ્પષ્ટતા કરતા જણાવ્યુ હતુ કે તેમનુ ફેસબુક એકાઉન્ટ હેક થઈ ગયુ હતું અને તેમણે આવી કોઈ પોસ્ટ કરી નથી, બદાણીએ આ ઘટનાને પોતાની છબી ખરાબ કરવાનુ ષડયંત્ર ગણાવ્યુ હતું. જો કે આ ખુલાસા બાદ પણ રાજકીય વર્તુળોમાં શંકાનુ વાવાઝોડુ યથાવત છે. લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે શું ખરેખર એકાઉન્ટ હેક થયુ હતુ કે પછી લાંબા સમયથી પક્ષમાં ચાલી રહેલી આંતરીક ખેંચતાણ અને અસંતોષને કારણે તેમના મનની વાત બહાર આવી ગઈ ? અગાઉ પણ પક્ષના કેટલાક નેતાઓમાં નારાજગીના સુર ઉઠયા હોવાના કિસ્સાઓ બન્યા છે. ત્યારે આ ઘટનાએ તે અસંતોષને ફરી એકવાર સપાટી પર લાવી દીધો છે. જો કે આ મામલે ભાજપનુ સત્તાવાર મોવડી મંડળ મૌન સેવી રહ્યુ છે. પરંતુ કાર્યકરોમાં ગણગણાટ ચાલી રહ્યો છે. આ ઘટનાએ ભાજપના આંતરીક રાજકારણમાં ચાલી રહેલા સંઘર્ષને ખુલ્લો પાડી દીધો છે.

# ગુજરાતમાં ખેડુતોની બમણી આવકની વાતો ખાલી બણગાઃ ગુજરાતમાં પ્રત્યેક ખેડુતના માથે ૫૬,૫૬૮ નું દેવું

### રાજયના ૫૫ લાખ ખેડુતોએ બેંક લોન લઈને રૂ.૧૪ હજાર કરોડનુ કર્યુ દેવું : લોકસભામાં મોદીએ સ્વીકાર્યુ કે ખેડુતોના માથે દેવું વધ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

ખેડુતોની આવક બમણી થશે તેવા વચન અને વાયદા કરવામાં આવ્યા હતા તે હવે ખોટા સાબિત થયા છે, ખેડુતોની આર્થિક સ્થિતિ દિવસે દિવસે કથળી રહી છે. જેના કારણે ખેડુતો દેવુ કરવા મજબુર બન્યા છે. લોકસભામાં રજુ થયેલા રીપોર્ટ મુજબ ગુજરાતના પ્રત્યેક ખેડુતના માથે રૂપીયા ૫૬,૫૬૮ નુ દેવું છે. ખેતી કરવી હવે મોઘી બની રહી છે, કારણ કે ખાતર, જંતુનાશક દવાથી માંડીને ખેતમજુરીના ભાવ વધ્યા છે તેમાંય અથાગ મહેનત કર્યા બાદ જો ભારે વરસાદ થાય, વાવાઝોડુ આવે તો પાકને નુકશાન થાય, ખેડુતોની માંગ છતાંય હજુય પાક ઉત્પાદનના પુરતા ભાવ મળતા નથી, આ સંજોગોમાં




ખેતી બચાવવા ખેડુતો અથાગ પ્રયાસો કરી રહ્યા છે. દરમિયાન ચુંટણી વખતે ભાજપે મોટા ઉપાડે એવો ઢંઢેરો પીટયો હતો કે ખેડુતોની આવક બમણી થઈ જશે, આવક તો બમણી થઈ નહી, બલ્કે આર્થિક નુકશાન ન પોસાતા ઘણા ખેડુતો હવે ખેતી છોડી અન્ય વ્યવસાય કરવા મજબુર બન્યા છે. ખેડુતો ખેતીની જમીન વેચવા માંડયા છે. કેન્દ્ર સરકારના રીપોર્ટ મુજબ ગુજરાતના પ્રત્યેક ખેડુતના માથે રૂપીયા ૫૬ હજારનુ દેવું છે. રાજયના ૫૫ લાખ ખેડુતોએ બેંક લોન લીધી છે. એટલુ જ નહી રૂપીયા ૧૪ હજાર કરોડની ખેડુતોને દેવુ છે. ખેડુતો દેવાદાર બની રહ્યા છે ત્યારે સરકારની દલીલ છે કે ખેડુતોની આવક બમણી થાય તે માટે ઘણી કૃષિ લક્ષી યોજના અમલમાં છે. જેમ કે નેશનલ મિશન ઓફ એડીબલ ઓઈલ, એગ્રોફોરેસ્ટ્રી, સોઈલ હેલ્થ એન્ડ ફર્ટીલીટી, નેશનલ બામ્બુ મિશન, પ્રધાનમંત્રી કિશાન સન્માનનીધી, પ્રધાનમંત્રી મનધન યોજના, પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષક અભિયાન, ડીઝીટલ એગ્રીકલ્ચર મિશન, મોરડ્રોપ-મોરક્રોપ, પરંપરાગત કૃષિ વિકાસ યોજના જેવી ૨૫ થી વધુ કૃષિ લક્ષી યોજનાઓ હોવા છતાંય ખેડુતો દેવાના ડુંગર તળે દબાયા છે.

# કચરાની ગાડીએ ૮ વાહનોને અડફેટે લીધા, ૧નું મોત, ૪ ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદઃ શહેરમાં વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. આજે ગુરુવારે સવારે જમાલપુર વિસ્તારમાં કચરાની ગાડીએ અકસ્માત સર્જ્યો હતો. કચરાની ગાડી ચાલકે બેફામ ગાડી હંકારી અનેક વાહનોને અડફેટે લીધા હતા. જેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ સમગ્ર ઘટનાનના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જ્યારે આ અકસ્માતની ઘટનામાં પોલીસે મોટો ખુલાસો પણ કર્યો છે.

CCTVમાં સાફ જોઈ શકાય છે કે, બેફામ બનેલી કચરા ગાડી એક બે નહીં પરંતુ સાત - સાત રિક્ષા અને એક બાઈકને અડફેટે લઈને આગળ વધી રહી હતી. પતળી ગળીમાં કચરા ગાડી બેફામ રીતે સર્પાકાર આગળ વધતી અને હતી. સામેથી આવતી અને બાજુમાં પાર્ક કરેલી અલગ અલગ છ રિક્ષાને અડફેટે લે છે. આ સમયે એક બાઈક ચાલકને પણ અડફેટે લે છે. અંતમાં એક રિક્ષાની પાછળ જોરદાર ટક્કર મારીને કચરા ગાડી બ્રેક મારીને ઉભી રહી જાય છે. CCTVમાં જોઈ શકાય છે કે, કચરા ગાડી ઉભી રહી ગયા બાદ સ્થાનિકોનું ટોળું એકઠું થઈ જાય છે અને એક ચાલકને પકડીને મેથીપાક પણ ચખાડે છે.

જમાલપુર અકસ્માત કેસમાં પોલીસે મોટો ખુલાસો કર્યો છે. જે અનુસાર, કચરાની ગાડીના ચાલકને ચક્કર આવતા અકસ્માત સર્જાયો હતો.